# * નાયબ નિયામક*

અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી , સી-6 ,બહુમાળીભવન, નાનપુરા, સુરત

:- 02612464430 swo-sur@gujarat.gov.in


નં.ના.નિ.અજાક/પ્રિ.મેટ્રિક.શિષ્યવૃત્તિ/ ૧૦૨૨૪થી ૧૦૨૨૫ /૨૦૨૩-૨૪ તા.૦૨/૦૫/૨૦૨૩

ડિજિટલ ગુજરાત પોર્ટલ

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેરની તમામ ખાનગી પ્રાથમિક શાળાઓ,

તમામ માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ,

સુરત, જિલ્લા – સુરત.

વિષય: “Pre Matric Scholarship to SC Students and Others” યોજના હેઠળ આવતા વિદ્યાર્થીઓના આધારનંબર – બેંક ખાતા લીંક કરાવવા બાબત / Adhar Enable for DBT કરાવવા બાબત

સંદર્ભ: કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા:૧૪/03/૨૨ના પત્રનં: K-11027/1/2021-SCD-V

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભદર્શિત પત્ર મુજબ ભારત સરકારશ્રીની “Pre Matric Scholarship to SC Students and Other” યોજના (એટલે કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના ધો:૯ & ૧૦ તથા સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકોને શિષ્યવૃત્તિ યોજના ધો: ૧ થી ૧૦) અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિ યોજનાની ચુકવણીમાં ફેરફાર કરવામાં આવેલ છે. અગાઉ વિદ્યાર્થીઓને ૧૦૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવતી હતી અને કેંદ્ર સરકારશ્રીનો હિસ્સો કેંદ્ર સરકારશ્રી પાસેથી મેળવી લેવામાં આવતો હતો.

જ્યારે સંદર્ભિત નવી ગાઇડલાઇન મુજબ ઉક્ત યોજના અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩ થી વિદ્યાર્થીઓને ૪૦:૬૦ (રાજ્ય:કેંદ્ર)ના રેશીયોમાં ચુકવણું કરવાનું નક્કી કરવામાં આવેલ છે એટલે કે ૪૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે અને બાકીની ૬૦% શિષ્યવૃત્તિ કેંદ્ર સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓને સીધી ચુકવવામાં આવશે. વધુમાં તા:૦૮/૦૯/૨૦૨૨ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, દિલ્હી ખાતે મળેલ બેઠકમાં કેંદ્ર સરકારશ્રી દ્વારા એમ પણ જણાવવામાં આવેલ છે કે વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનું ચુકવણું આધારબેઝ કરવાનું રહેશે એટલે કે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હોય તેમા જ કરવાનું રહેશે.

ઉક્ત યોજના અંતર્ગત સીસ્ટમ મારફત જાણવા મળેલ છે કે અંદાજે ઉક્ત પ્રિમેટ્રીક શિ યોજના અંતર્ગત ૪૫% વિદ્યાર્થીઓના જ આધાર નંબર – બેંક ખાતા લીંક છે અને જે વિદ્યાર્થીઓ આધારનંબર - બેંક ખાતા લીંક છે તો તેઓના આધાર નંબર DBT Enable નથી જેથી બાકી રહેતા તમામ વિદ્યાર્થીઓના આધાર નંબર – બેંક ખાતા લીંક કરવાના થાય છે અને જો આધાર નંબર DBT Enable ના હોય તો તે પણ કરાવવાના થાય છે.

જે વિદ્યાર્થીઓના આધાર નંબર – બેંક ખાતા લીંક ના હોય / Adhar DBT Enable ના હોય તેની માહિતી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સંબધિત શાળાના આચાર્યશ્રીઓ પોતાના લોગીનમાં પણ જોઇ શકે છે. શાળાના આચાર્યશ્રીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ આવી યાદી "Student Register" મેનુમાં જઇ "PreMatric PFMS Reject/Accept Details" ઓપશન પર ક્લીક કરી "Director of Schedule Caste Welfare" ઓપ્શન પંસદ કરી રીસ્પોન્સ સ્ટેસ્ટમાં "Reject" પંસદ કરી ચકાસી શકાશે.

આચાર્યશ્રીઓએ આ મેનુંનો ઉપયોગ કરી જેટલા વિદ્યાર્થીઓ Reject કેટેગરીમાં હોય તેવા તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક જાણ કરવાની રહેશે કે વિદ્યાર્થીઓ પોતાના આધાર નંબર સાથે પોતાનું બેંક ખાતુ લીંક કરાવે અને જો "Adhar Enable for DBT" ના હોય તો તાત્કાલિક એનેબલ કરાવે. ત્યારબાદ જ્યારે વિદ્યાર્થીનો આધાર નંબર - બેંક ખાતુ લીંક થઇ જાય / "Adhar Enable For DBT" થઇ જાય ત્યારે આચાર્યશ્રીઓએ ફરી ઉક્ત મેનુમા જઇ ને સંબધિત વિદ્યાર્થીના નામ સામે "Aadhaar Linked" બટન પર ક્લીક કરવાનું રહેશે જેથી આવા વિદ્યાર્થીઓને ફરી અધારનંબર - બેંક ખાતુ ખરેખર લીંક થયેલ છે કે કેમ / "Adhar Enable for DBT" થયેલ છે કે કેમ તે ચકાસવા માટે ફરી સીસ્ટમને મોકલી શકાય.

શાળાના આચાર્યશ્રીઓ "Aadhaar Likned" બટન પર ક્લીક કરશે ત્યારબાદ ૩ થી ૪ દિવસ બાદ સીસ્ટમ મારફત જાણી શકાય છે કે ખરેખર વિદ્યાર્થીનો આધાર નંબર – બેંક લીંક થયેલ છે કે કેમ / "Adhar Enable For DBT" થયેલ છે કે કેમ. જો વિદ્યાર્થીનો આધાર નંબર - બેંક ખરેખર લીંક થઇ ગયેલ હશે / "Adhar Enable for DBT" થઇ ગયેલ હશે તો વિદ્યાર્થીનું નામ "Reject" કેટેગરી માંથી નિકળી જશે જો વિદ્યાર્થીનો આધાર નંબર – બેંક ખાતુ ખરેખર લીંક થયેલ નહિ હોય તો વિદ્યાર્થી ફરી "Reject" કેટેગરીમાં જ દેખાશે આવા વિદ્યાર્થીઓએ ફરી બેંકનો સંપર્ક કરી આધારનંબર – બેંક ખાતુ લીંક કરાવવાની કાર્યવાહી કરવાની થશે અને ફરી આચાર્યશ્રીએ "Student Register" મેનુમાં જઇ "PreMatric PFMS Reject/Accept Details" પર ક્લીક કરી "Director of Schedule Caste Welfare" ઓપ્શન પંસદ કરી રીસ્પોન્સ સ્ટેસ્ટમાં "Reject" પંસદ કરી સંબધિત વિદ્યાર્થી સામેનું "Aadhaar Linked" બટન ક્લીક કરવાનું રહેશે આ પ્રકિયા ત્યા સુધી કરવાની થશે જ્યા સુધી વિદ્યાર્થીઓના આધાર નંબર – બેંક ખાતા લીંક ના થઇ જાય / "Adhar Enable For DBT" ના થઇ જાય.

ત્યારબાદ જે વિદ્યાર્થીઓના આધાર નંબર – બેંક ખાતા લીંક થઇ જાય / "Adhar Enabel For DBT" થઇ જાય તેવા વિદ્યાર્થીઓની રાબેતા મુજબ પ્રપોઝલ બનાવી જિલ્લા કચેરીઓને મોકલી આપવાની રહેશે. જે વિદ્યાર્થીઓના "PFMS Status" "Verified" થયેલ હશે તેવા જ વિદ્યાર્થીઓની પ્રપોઝલ બની શકશે તેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે. (જે વિદ્યાર્થીઓનું PFMS Status "Verified With Reason" હશે તેવા વિદ્યાર્થીઓની પણ પ્રપોઝલ બની શકશે નહિ તેવા વિદ્યાર્થીઓના "Adhar Enable For DBT" કરાવ્યા બાદ જ્યારે PFMS Status "Verified" થશે ત્યારે પ્રપોઝલ બની શકશે)

આમ નવી ગાઇડલાઇન મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ચુકવણું કરી શકાય તે માટે ઉક્ત તમામ વિગતો ધ્યાને લઇ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વિદ્યાર્થી દ્વારા આધાર બેંક ખાતા લિંક તેમજ DBT Payment Enable (UID Based payment Enable) કરાવ્યા બાદ શાળાનાં આચાર્યશ્રીએ નીચે મુજબ પોર્ટલ પર કાર્યવાહી કરવાની રહેશે.

- Digital Gujarat Portal
- School /Institute login
- Student Register
- Pre metric PFMS Reject /Accept detail
- Search Filter Scheme
- Director Scheduled Caste Welfare
- Response Student –Reject –Search – Student List

અહી વિદ્યાર્થીઓનું લિસ્ટ ખુલશે. જેમાં જે વિધાર્થીના નામ સામેના Check NPCI STATUS મેનુ પર ક્લિક કરવાનું રહેશે.

મેનુ પર ક્લિક કરતા Adhar Number-Bank Account Linked Dated "-"-૨૦" જો આવું સ્કીન પર દેખાય છે તો આ વિધાર્થીનું આધારકાર્ડ બેંક ખાતા સાથે લીંક છે. અને તે સીસ્ટમમાં વેરીફીકેશનમાં જશે. ત્યારબાદ૨-૩દિવસ પછી વિધાર્થી verify થઇ જશે અને તે વિધાર્થીની દરખાસ્ત બનાવી શકાશે.

જો વિધાર્થીના નામ સામેના Check NPCI STATUS મેનુ પર ક્લિક કરતા Adhar Number-is not available. ની ક્વેરી બતાવે તો આવા વિધાર્થીઓને બેંક ખાતા સાથે આધાર લીંક કરવાની સૂચના આપવાની રહેશે. ત્યારબાદ વિધાર્થી આધાર લીંક કરેલ છે. તેવી જાણ શાળાના આચાર્ય શ્રીને કરશે. ત્યારે આચાર્યશ્રીઓએ ફરીથી ઉપર મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત વતી

નક્લ સવિનય રવાના:

પ્રતિ,

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, સુરત તરફ જાણ તથા આપની વેબસાઇટ પર મૂકવા સારૂ.

(૩) જિલ્લા શિક્ષણાધિકારી, સુરત તરફ જાણ તથા આપની વેબસાઇટ પર મૂકવા સારૂ.

(૪) શાસનાધિકારી, સુરત તરફ જાણ તથા આપની વેબસાઇટ પર મૂકવા સારૂ.

BOB/LDM/2023 02.05.2023

# Circular to all Bank Dist. Coordinators of Surat District

Respected Sir

**Re : Linkage of Student Bank acconts with Aadhar No**

We reference to the letter from Asst. Commissioner, SC Welfare Department, Surat dated 01.05.2023, it is mandatory to link Student account with Aaddhar No for payment of scholarship.

The list of student accfounts alongwith discrepancies observed by the department is enclosed for your ready refrence and necessary action . The following discrepancies observed at their level

1 .UID NEVER ENABLE FOR DBT
2.UID is Disable for DBT
3. UID is Disable for DBT and beneficiary has been created based on account
4. UID never enabled for DBT and beneficiary has been created based on account
5.Beneficiary Created based on UID, but account is Blocked.
6. Beneficiary Created based on UID, but account is INVALID
7. NO response received from concerned bank within 3 days, therefore PFMS has Created Beneficiary based on information shared on request file.
8. Bank name and IFSC code are not related to each other

All concerned are requested to resolve above mentioned queries and ensure that the account is DBT Payment Enable and also updated on NPCI server.

Yours faithfully

With regards

बी॰ आर॰ चौधरी / B. R. Chaudhari
अग्रणी जिल्ला प्रवंधक/ Lead District Manager
सूरत ज़िला / Surat District
दूरभास संख्या - 0261-2294504 / 8980026603

अस्वीकरण:
*****************************************************************************************
यह ईमेल (किसी भी संलग्नक सहित) केवल अपेक्षित प्रासकर्ता/ओं के उपयोग के लिए है और इसमें ऐसी सामग्री हो सकती है जो कंपनी की गोपनीय और निजी सूचना हो. दूसरों द्वारा इसमें कोई भी संशोधन या इसे आधार वनाना या इस संदेश की किसी भी या सभी सामग्री को कॉपी करना या वितरित करना या अग्रेषित करना पूरी तरह से वर्जित है. यदि आप अपेक्षित प्रासकर्ता नहीं हैं, तो कृपया ईमेल द्वारा संबंधित प्रेषक से संपर्क करें और सभी प्रतियां हटा दें. इस संबंध में आपका सहयोग वांछनीय है.
*****************************************************************************************

Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/૫૮૭૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૦૨/૦૫/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ
સુરત.

૨/- આ સાથે સામેલ પત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત